# પ્રથમ લેખિત કસોટી : ઑક્ટોબર - ૨૦૧૬

તારીખ : ૧૭/૧૦/૨૦૧૬ ધોરણ-૬ સમય : ૧૧:૦૦ થી ૧૪:૦૦
વાર : સોમવાર વિષય : ગુજરાતી કુલ ગુણ : ૮૦

વિદ્યાર્થીનું નામ : ____________________ બેઠક નંબર : ________

સૂચનાઓ : (1) પ્રશ્નોના જવાબ અલગ ઉત્તરવહીમાં લખવાના રહેશે.

**પ્રશ્ન-1 (અ) નીચે આપેલાં પ્રશ્નોના જવાબ યોગ્ય વિકલ્પ પસંદ કરીને લખો.** (6)

(1) દુકાનદાર પાસે યુવકે કયા ફોન માટે મંજુરી માગી ?
(ક) મોબાઈલ ફોન (ખ) સેલ્યુલર ફોન (ગ) ગ્રામોફોન (ઘ) પબ્લિક ફોન

(2) રવિશંકર મહારાજને 'માણસાઈના દીવા' કોણે કહ્યા છે ?
(ક) ઝવેરચંદ મેઘાણીએ (ખ) ગાંધીજીએ
(ગ) ધીરુભાઈએ (ઘ) મહેન્દ્ર મેઘાણીએ

(3) કહળસંગ ગાડું જોડીને ધંધૂકે શું કરવા ગયા હતા ?
(ક) ફરવા (ખ) ગામ જોવા (ગ) હટાણું કરવા (ઘ) ગોળ લેવા

(4) 'લેખણ ઝાલીનો રહી' પાઠના લેખકનું નામ જણાવો.
(ક) નાથાલાલ દવે (ખ) જોરાવરસિંહ જાદવ
(ગ) સંતબાલ (ઘ) કિશોરસિંહ સોલંકી

(5) લેખક ગામનો જીવતો જાગતો ચોપડો કોને કહે છે ?
(ક) તળાવને (ખ) ગોંદરાને (ગ) વડલાને (ઘ) પુસ્તકાલયને

(6) નોકરને જવાબ શીખવનાર કોણ હતું ?
(ક) અકબર (ખ) બેગમ (ગ) ફાંસીગર (ઘ) બિરબલ

**(બ) નીચે આપેલ વિભાગ 'અ'ની કૃતિને વિભાગ 'બ'માં આપેલ તેના કર્તા સાથે યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** (5)

| 'અ' | 'બ' |
|---|---|
| (1) મહેનતની મોસમ | (1) ડૉ. આઈ.કે. વીજળીવાળા |
| (2) રવિશંકર મહારાજ | (2) સંતબાલ |
| (3) પગલે-પગલે | (3) નાથાલાલ દવે |
| (4) દ્વિદલ | (4) મણિશંકર રત્નજી ભટ્ટ |
| (5) હિંદમાતાને સંબોધન | (5) ધીરુભાઈ પરીખ |

Scanned by CamScanner

(ક) નીચે આપેલ કાવ્યપંક્તિ પૂર્ણ કરો. (ગમે તે એક) (4)

(1) ઓ હિંદ ! દેવભૂમિ ! ....................

..............................................

..............................................

........................ સંતાન સૌ તમારા !

(2) પગલે પગલે ................................

..............................................

..............................................

................................... કાપ્યે જા.

**પ્રશ્ન-2 (અ) નીચે આપેલા પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ લખો. (ગમે તે ત્રણ)** (6)

(1) ભારતમાં કયા-કયા ધર્મ પાળતી પ્રજા વસે છે ?

(2) બાજુમાં પડેલી મૂર્તિને શું નુકશાન થયું હતું ?

(3) મહારાજ કઈ-કઈ આપત્તિ સમયે દોડી જતા ?

(4) હરખચંદે મણ કપાસિયા શા માટે ખરીદ્યા હતા ?

**(બ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં જવાબ લખો. (ગમે તે બે)** (8)

(1) હરખચંદ શેઠ ગામ લોકોને શું-શું લખી આપતા ?

(2) ભાલ અને કનેર પંથક માટે કઈ કહેવત કહેવાતી આવી છે ?

(3) મૂકસેવક મહારાજે લોકસેવાનાં કયાં-કયાં કાર્યો કર્યા ?

**(ક) નીચેના શબ્દોના અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરીને લખો. (ગમે તે ત્રણ)** (6)

(1) શિરામણ (2) મલક

(3) આભ (4) હાટડી

**પ્રશ્ન-3 સૂચના પ્રમાણે કરો.**

**(1) નીચે આપેલા રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો. (ગમે તે બે)**

**(1) આજીજી કરવી** (2)

**(2) બે પાંદડે થવું**

**(3) અક્કલનું તાળું ઉઘડવું**

Scanned by CamScanner

**(2) નીચે આપેલા શબ્દોમાંથી સંજ્ઞાના પ્રકાર ઓળખીને લખો. (ગમે તે બે)** (2)

(1) ગામ (2) ઘઉં (3) ગાંધીજી

**(3) નીચેના વાક્યોમાંથી નામપદ ઓળખીને લખો.** (2)

(1) સેના તૈયાર કરો.

(2) અમારા માટે ગોંદરું એ ચૉકલેટ જેવું છે ?

**(4) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.** (2)

(1) ઘરની બાજુની દીવાલ

(2) મરણ પછી બારમા દિવસે થતો વિધિ.

**(5) નીચેના વાક્યોનો પ્રકાર ઓળખીને લખો.** (2)

(1) 'બાદશાહ સલામત !'

(2) આપણાં બેમાં વધારે અપશુકનિયાળ કોણ ?

**(6) નીચેના વાક્યોમાં ક્રિયાપદ ઓળખીને લખો.** (2)

(1) રોહિત જમવા બેઠો છે.

(2) હીના મેદાનમાં રમે છે.

**(7) નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો. (ગમે તે બે)** (1)

(1) પંથ (2) અજવાળું (3) નિરક્ષર

**(8) નીચે આપેલા શબ્દોની જોડણી સુધારીને લખો. (ગમે તે બે)** (2)

(1) શીરામણ (2) મુકશેવક (3) શીલ્પી

**પ્રશ્ન-4 (અ) નીચે આપેલા મુદ્દા પરથી વાર્તા લખી યોગ્ય શીર્ષક લખો.** (5)

એક નાનું ગામ – યુવાનો ભણેલા – વૃધ્ધો વ્યવહારકુશળ – ગામમાંથી જાન જવી – જાનમાં વૃધ્ધોને ન લઈ જવા – જાનમાં માત્ર યુવાનો જ – કન્યાપક્ષની શરત – જવાબ આપો તો જ કન્યા પધરાવીએ – 'ગામનું તળાવ ઘી થી ભરી આપો' – યુવાનોની ચિંતા – સંતાઈને આવેલા વૃધ્ધનો જવાબ – 'પહેલા તળાવ ખાલી તો કરી આપો' – કન્યા પક્ષનું કહેવું – જાનમાં એક વૃધ્ધ જરૂર આવ્યા હશે.

**અથવા**

**તમારી શાળામાં ઉજવાયેલ 'શિક્ષકદિન'ની ઉજવણીનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો.**

Scanned by CamScanner

**(બ) નીચે આપેલા વિષયો પૈકી કોઇ એક વિષય પર નિંબધ લખો.** (10)

(1) રેલવે સ્ટેશન

(2) વર્ષાઋતુ

(3) 'મા તે મા'

**પ્રશ્ન-5 (અ) નીચે આપેલો ફકરો વાંચીને પ્રશ્નોના જવાબ લખો.** (5)

"કપાસિયાનો કોથળો માથે લઈને હરખચંદ ભાંગેલ પગે બજારમાં પાછા ગયા. આ વાતને માથે થઈને વરસેકનાં વહાણાં વાઇ ગયાં, પણ મદારીના કરંડિયામાં સાપ જેમ ગૂંચળું વાળીને પડયો રહે એમ આ વાત એમનાં લમણામાં રહી ગઇ.

એવામાં કુદરતને કરવું તે કહળસંગનાં બાપુ ગુજરી ગયા. ગામમાં કોઇ ભણેલું ન મળે. કોઇનો કાગળ આવ્યો હોય તો હરખચંદની હાટે વાંચવા જવું પડતું. 'ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન'. ગામ આખું અંગૂઠાછાપ એટલે હરખચંદનો ભાવ પૂછાય. કોઇના દસ્તાવેજ લખવા હોય, ખાતું પાડવું હોય કે સારા-ભલા અવસરે કંકોત્રી લખવી હોય કે માઠા પ્રસંગે કાગળ લખવા હોય તો હરખચંદ શરમના માર્યા કામ કરી દેતા."

**પ્રશ્નો :-**

(1) હરખચંદના માથે શું હતું ?

(2) હરખચંદ ભાંગેલ પગે કયાં ગયા ?

(3) કોના બાપુ ગુજરી ગયા હતા ?

(4) આખું ગામ કેવું હતું ?

(5) કાગળ વાંચવા કયાં જવું પડતું ?

**(બ) નીચે આપેલ વ્યક્તિઓનો પાત્ર પરિચય કરો. (ગમે તે બે)** (4)

(1) રવિશંકર મહારાજ (2) હરખચંદ શેઠ (3) બાદશાહ

**(ક) નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં જવાબ લખો. (ગમે તે ત્રણ)** (6)

(1) સ્ત્રીનો અવાજ સાંભળી યુવક ખુશ કેમ થયો ?

(2) કહળસંગે કઇ-કઇ વસ્તુઓની ખરીદી કરી ?

(3) અંતે રાજાએ પોતાનો ખોટો વહેમ શું કહીને દૂર કર્યો ?

(4) લેખકે ગામના પાદરમાં રમાતી કઇ-કઇ રમતોની વાત કરી છે ?

Scanned by CamScanner